NAVSARI AGRICULTURAL UNIVERSITY

**ડૉ.એન.એમ.ચૌહાણ**
**વિસ્તરણ શિક્ષણ નિયામક**

# વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**એરૂ ચાર રસ્તા, નવસારી-૩૯૬૪૫૦**
ફોન : ૦૨૬૩૭-૨૮૨૦૨૬, ૨૯૬૫૩૦
E-mail: dee@nau.in, Website: www.nau.in

Azadi Ka Amrit Mahotsav

**વંચાણ :** (૧) ખેતી નિયામકશ્રી, વિ./તા.મુ./ટે-૬/૨૦૩૮-૫૪ ખેતી નિયામકની કચેરી, ગુ.રા., કૃષિભવન, ગાંધીનગરનો પત્ર તા. ૧૮/૦૯/૨૦૨૩

(૨) અત્રેની કચેરીના પરિપત્ર, જા.નં. નકૃયુ/વિશિનિ/ડી-૧/વેબ -૧૭/૨૦૨૩, નવસારી તા. ૦૮/૧૧/૨૦૨૩

## પરિપત્ર

**રવિ કૃષિ મહોત્સવ -૨૦૨૩ દરમ્યાન ફાળવેલ વૈજ્ઞાનિકશ્રી/અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓની ફેરબદલી કરવા બાબત...**

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનુ કે રાજ્ય સરકારશ્રી દ્વારા આયોજિત તા. ૨૪/૧૧/૨૦૨૩ થી તા. ૨૫/૧૧/૨૦૨૩ સુધી બે દિવસીય રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૩ અંતર્ગત નવસારી કૃષિ યુનિવર્સીટીના કાર્યક્ષેત્રમાં આવતા દક્ષિણ ગુજરાતના સાત જીલ્લાઓ પૈકીના કુલ ૪૫ તાલુકામાં તાલુકા કક્ષાએ કૃષિ પરિસંવાદ અને કૃષિ પ્રદર્શન સ્ટોલ ગોઠવવાની કામગીરી કરવાની થાય છે. તારીખ ૦૪/૧૧/૨૦૨૩ ના રોજ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની અધ્યક્ષતામાં થયેલ રવિ કૃષિ મહોત્સવનાં આયોજન મિટિંગમાં થયેલ ચર્ચા તથા યુનિવર્સીટી દ્વારા જીલ્લા કક્ષાએ નિયુક્ત કરેલ નોડલ વૈજ્ઞાનિકશ્રી/અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ સાથે રહી નક્કી કરેલ તાલુકા કક્ષાની વૈજ્ઞાનિકશ્રી/અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ ટીમની ફાળવણી અત્રેની કચેરીથી વંચાણ-(૨) મુજબ કરવામાં આવી છે. આ રવિ કૃષિ મહોત્સવની કામગીરી સુચારુ રીતે થઇ શકે એ માટે તમામ વૈજ્ઞાનિકશ્રી/અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓએ અચૂક ફરજ બજાવવાની રહેશે. અનિવાર્ય સંજોગમાં ફાળવેલ તાલુકાના વૈજ્ઞાનિકશ્રી/અધિકારીશ્રી/કર્મચારીશ્રી હાજર રહી શકે તેમ ન હોય તો મીટીંગમાં થયેલ સ્પષ્ટ ચર્ચા મુજબ જીલ્લા કક્ષાએ નિયુક્ત કરેલ નોડલશ્રી અને સબંધિત કચેરીના વડા દ્વારા અન્ય વૈજ્ઞાનિકશ્રી/અધિકારીશ્રી /કર્મચારીશ્રીની વ્યવસ્થા સત્વરે કરવાની રહેશે. ફાળવેલ વૈજ્ઞાનિકશ્રી/અધિકારીશ્રી/કર્મચારીશ્રીની ફરજમાં ચૂક થશે તો એની સંપૂર્ણ જવાબદારી જે તે વૈજ્ઞાનિકશ્રી/અધિકારીશ્રી/કર્મચારીશ્રી તથા તેના સબંધિત કચેરીના વડાની રહેશે જેની ખાસ નોંધ લેવી.

21/11/23

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં. નકૃયુ/વિશિનિ/સી–૪/વેબ–૧૯ /૨૦૨૩
નવસારી તા. ૨૧/૧૧/૨૦૨૩